ગુજરાતમિત્ર
# શો ટાઈમ
ગુરુવાર ૨૬ ડિસેમ્બર, ૨૦૨૪



સ્ટાર દમ

# વરુણ ધવન શું બનશે નંબર વન?

વરુણ ધવને પણ આખરે ડીસીપીની વર્દી પહેરી જ લીધી. હિન્દી ફિલ્મોના સ્ટાર્સને પોલીસ વર્દી પહેર્યા વિના આત્મવિશ્વાસ જ નથી આવતો. ‘બેબી જ્હોન’ માં તો તે ડીસીપી સત્યા વર્મા બનવા ઉપરાંત આઈપીએસ બેબી જ્હોનની ભૂમિકામાં પણ છે. ડબલ રોલ હોય તો ડબલ સફળતા મળે તેવી તેની ધારણા હશે. ‘બેબી જ્હોન’ ને સફળ કરવા આમ તો મોટી ફોજ ઉતારી છે. કીર્તિ સુરેશ અને વામિકા ગબ્બી ઉપરાંત સાન્યા મલ્હોત્રા પણ નાની ભૂમિકા કરશે અને સલમાન ખાન પણ ડીઆઈજી વરદ રાજન બનશે. હમણાં ફિલ્મો ચલાવવા આવા બધા નુસખા અજમાવવા પડે છે. આ ફિલ્મ તમિલમાં બનેલી ‘થેરી’ની રિમેક છે, જેનું દિગ્દર્શન એટલીએ કર્યું હતું. ફિલ્મ ખૂબ સફળ રહી હતી. એટલે તેની રિમેક બની છે. શરૂમાં આ ફિલ્મનું દિગ્દર્શન રોહિત શેટ્ટી કરે એવું વિચારાયેલું અને ત્યારે શાહરૂખ ખાન અને અક્ષય કુમાર ભૂમિકા કરવાના હતા. પણ રોહિત શેટ્ટીને રિમેક બનાવવામાં રસ નહોતો. એટલે દિગ્દર્શક પણ બદલાયા અને શાહરૂખ અક્ષયના બદલે વરુણ આવી ગયો. ‘બેબી જ્હોન’ મે મહિનામાં રજૂ થવાની હતી પણ હવે ક્રિસમસ વખતે રજૂ થઈ રહી છે.

ગયા વર્ષે વરુણની હીરો તરીકેની ‘બવાલ’ ફિલ્મ આવી હતી અને ત્યાર પછી તે ત્રણેક ફિલ્મોમાં નાની ભૂમિકામાં આવ્યો. ‘બેબી જ્હોન’ તેની આ વર્ષની એક માત્ર એવી ફિલ્મ ગણાશે જેમાં તે હીરો તરીકે છે. વરુણની કારકિર્દી જરા ધીમી પડી ગઈ છે. જો કે અત્યારે તેના જેવા ધીમા પડી ગયેલાં ઘણાં સ્ટાર્સ છે અને એટલે ‘બેબી જ્હોન’ સફળ રહે તેવી પ્રાર્થના તે કરતો હશે. વરુણ સારો અભિનેતા છે અને રણવીર સીંઘની જેમ ઘણી એનર્જી ધરાવે છે. પરંતુ અત્યારે બીજા અભિનેતાઓની જેમ જ સફળ ફિલ્મની શોધમાં અટવાયેલો છે. ગોવિંદા સાથે અનેક સફળ ફિલ્મ બનાવનાર ડેવિડ ધવન તેના પિતા છે પણ તે વરુણને સફળ બનાવતી ફિલ્મો બનાવી શકતા નથી. વરુણે પોતે જ પોતાનો રસ્તો નક્કી કરવો પડે તેમ છે.

અલબત્ત, તેની આવનારી ફિલ્મો પાસે ઘણી આશા રાખી શકાય તેમ છે. અનીસ બઝમી દિગ્દર્શિત ‘નો એન્ટ્રી-2’ છે તો એ જ રીતે ‘ભેડિયા-2’ છે જેમાં તે ક્રિતી સેનોન સાથે દેખાશે. એ જ રીતે તે ‘બોર્ડર-2’માં પણ સની દેઓલ સાથે છે. કરણ જોહર વરુણ અને ટાઈગર શ્રોફને લઈ એક ફિલ્મ બનાવવાની યોજના ધરાવે છે. ‘સની સંસ્કારી કી તુલસી કુમારી’ માં તે સાન્યા મલ્હોત્રા અને જાન્હવી કપૂર સાથે આવશે. ‘હે જવાની તો ઈશ્ક હોના હૈ’ ફિલ્મ ડેવિડ ધવનના દિગ્દર્શનમાં બની રહી છે જેમાં પૂજા હેગડે અને મૃણાલ ઠાકુર છે. શું આ ફિલ્મો વરુણને જોઈતું સ્થાન અપાવશે?

> વરુણ સારો અભિનેતા છે અત્યારે બીજા અભિનેતાઓની જેમ જ સફળ ફિલ્મની શોધમાં અટવાયેલો છે

વરુણ કરતાં અત્યારે સારી સ્થિતિ હોય તો વિકી કૌશલની છે અને તે એકદમ પસંદગીપૂર્વક કામ કરી રહ્યો છે.


એક ફિલ્મ વધારે સમય લે તેનોય તેને વાંધો નથી હોતો. વરુણે શું એવું જ કરવું જોઈએ? ફિલ્મ લાઈનમાં એક સ્ટાર્સની રીત બીજા સ્ટાર્સને ખપ લાગતી નથી. પોતાના વ્યૂહ પોતે વિચારી કામ કરવાનું હોય છે. રણબીર કપૂર, રણવીરસિંઘ, કાર્તિક આર્યન અને વરુણ ધવનના પ્રયત્ન છે કે સલમાન, શાહરૂખ, ઋતિકની જગ્યા ભરી શકે પણ આ કાંઈ સહેલું નથી. આવનારા સમય વિશે કહેવું મુશ્કેલ છે પણ એકાદ-બે મોટી સફળતા ન મળે ત્યાં સુધી પ્રેક્ષકોની નજરમાં વસી જવું મુશ્કેલ છે. વરુણ ‘બેબી જ્હોન’ વડે પ્રેક્ષકોની નજરમાં ફરી વસી જશે? રાહ જુઓ...

# મિસ યુનિવર્સ હરનાઝ બોલિવુડમાં કેટલી હીટ, કેટલી મિસ?

સૌંદર્ય સ્પર્ધા જીતનારી બ્યુટી ક્વિનનું વિશેષણ તો ધારી લે છે પણ શું તેને આપોઆપ અભિનય પણ આવડી જતો હશે? ‘બાગી-4’ નામની ફિલ્મ આવી રહી છે અને તેમાં ટાઈગર શ્રોફ તો છે. સંજય દત્ત પણ છે અને તે બંને ઉપરાંત સોનમ બાજવા અને હરનાઝ સંધુ કામ કરી રહી છે. હરનાઝ આ પહેલાં બે પંજાબી ફિલ્મમાં આવી ચૂકી છે અને તેને અભિનયની તક એટલા જ માટે મળેલી કે તે મિસ યુનિવર્સ 2021 જાહેર થયેલી અને તે પહેલાં ફેમિના મિસ ઈન્ડિયા- પંજાબનો તાજ તેના માથે ચમકેલો. ગુરુદાસપુર નજીકના ગામની હરનાઝ જાટ શીખ છે. સૌંદર્ય સ્પર્ધા જીત્યા પછી ફિલ્મોવાળા તેના તરફ ઝૂકવા માંડયા અને હવે હિન્દી ફિલ્મ તરફ તે ઝૂકી છે. ફિલ્મોમાં કામ કરવા પહેલાં તે ટી.વી.ના ઘણા શોમાં આવી ચૂકી છે અને એકાદ મ્યુઝિક વિડિયોમાં પણ દેખાઈ હતી. હવે હિન્દી ફિલ્મમાં આવવું તેના માટે મહત્ત્વનું બની ગયું છે.


હરનાઝ પબ્લિક એડમિનિસ્ટ્રેશનમાં માસ્ટર્સ કરી ચૂકી છે. યોગા, મેડિટેશનમાં નિયમિત છે. તે કહે છે કે મેન્ટલ હેલ્થ જાળવવી એટલી જ અગત્યની છે. સૌંદર્ય સ્પર્ધા જીતી ગઈ તે તો હવે ત્યાં પૂરી થઈ. હવે ફિલ્મોમાં કામ કરવું મારા માટે નવા પડકાર જેવું છે. અત્યાર સુધીમાં અનેક બ્યુટી ક્વીન ફિલ્મોમાં સફળ રહી છે તે ખરું પણ દરેકે પોતાની રીતે મહેનત કરવાની હોય છે. અભિનય એક જુદું ફિલ્ડ છે અને એટલે તે માટે ઘણી તૈયારી સાથે કામ કરું છું. પંજાબી ફિલ્મ કર્યા પછી કેમેરા સામે સહજ રહેવાનું શીખી છું. પણ હિન્દી ફિલ્મોની દુનિયા ઘણી મોટી છે. ‘બાગી-4’ માં કામ કરવાનો અનુભવ સારો છે પણ ફિલ્મ રિલીઝ થયા પછી જ બીજી વાત થઈ શકે.

> હવે ફિલ્મોમાં કામ કરવું મારા માટે નવા પડકાર જેવું છે. અત્યાર સુધીમાં અનેક બ્યુટી ક્વીન ફિલ્મોમાં સફળ રહી છે તે ખરું પણ દરેકે પોતાની રીતે મહેનત કરવાની હોય છે.



લાઇમ લાઇટ

# કીર્તિ સુરેશની કીર્તિ ક્યાં પહોંચશે?



ગ્લેમર

2024ના વર્ષમાં પશ્મિના રોશન, અલિઝેહ અગ્નિહોત્રી, ખુશી કપૂર, સુહાના ખાન વગેરેએ હિન્દી ફિલ્મોમાં પ્રવેશ કર્યો. જો કે તેઓ સકસેસ નથી રહી એટલે તેની મોટી ચર્ચા પણ નથી થઇ. હવે વર્ષાન્તે કીર્તિ સુરેશ હિન્દી ફિલ્મોમાં પ્રવેશી રહી છે. અલબત્ત તે સાઉથમાં કામ કરી ચૂકી છે. પણ હિન્દીમાં તો નવી શરૂઆત છે. નિયમ કાંઇક એવો નથી ગયો કે હિન્દી ફિલ્મમાં જે અભિનેત્રી નિષ્ફળ જાય તે સાઉથમાં જાય અને સાઉથમાં જે અભિનેત્રી સફળ હોય તે હિન્દી ફિલ્મોમાં આવે. કીર્તિએ તમિલ તેલુગુ મલયાલમ ફિલ્મોમાં કામ કર્યું છે. સાઉથના નિર્માતા જી. સુરેશકુમાર અને અભિનેત્રી રહેલી માતા મેનકાની તે દીકરી છે. કીર્તિએ બાળ કળાકાર તરીકે શરૂઆત કરી હતી અને ‘ગીતાજંલી’ નામની ફિલ્મમાં મુખ્ય અભિનેત્રી તરીકે આવેલી. એ પહેલી ફિલ્મે તેને પ્રશંસા ને પુસ્કાર બંને અપાવ્યા હતા. ‘ગીતાંજલી’ના દિગ્દર્શક પ્રિયદર્શન હતા અને તેમાં મોહનલાલ જેવા સ્ટાર હતા.

કીર્તિ શરૂઆતથી જ નસીબવાળી અભિનેત્રી રહી છે. સારા નિર્માતા દિગ્દર્શક સાથે કામ કરવા મળે તેનો જરૂર ફાયદો થતો હોય છે. ત્રણ વર્ષ પહેલાં ‘મહંતી’માં તેણે અભિનેત્રી સાવિત્રીની ભૂમિકા કરેલી અને ખૂબ જ જાણીતી થઇ હતી. એ ફિલ્મના અભિનય માટે તેને શ્રેષ્ઠ અભિનેત્રીનો નેશનલ એવોર્ડ પણ મળેલો. ગયા વર્ષે ‘દસારા’માં આવી ત્યારે પણ ફિલ્મફેર એવોર્ડ મેળવેલો. કીર્તિ એક સારી અભિનેત્રી છે અને એટલે જ હિન્દી ફિલ્મમાં પણ તે પોતાનું વજૂદ ઊભું કરશે એમ માનવામાં આવે છે. તે ભાષા ગ્રહણ કરવા બાબતે બહુ સારી છે એટલે ‘બેબી જ્હોન’ માં પણ તે તેની અસર મૂકી જશે એવું કહેવાય છે.

કીર્તિ પાસે એક ખૂબ મહત્ત્વની ફિલ્મ છે તે સુરજ બડજાત્યાની ‘પ્રેમ કી શાદી’. સલમાન ખાન સાથેની આ ફિલ્મ કયારે બનશે તે ખબર નથી પડતી કારણકે સલમાનખાનનું સ્ટારડમ હમણાં ડાઉન છે પણ સુરજ બડજાત્યા હોય ત્યારે કીર્તિ કાંઇક વધુ આશા રાખી શકે. બાકી તે વધુ હિન્દી ફિલ્મોમાં કામ કરવા માંગે છે પણ ‘બેબી જહોન’ રજૂ થયા પછી જ તેનો આગલો રસ્તો નક્કી થશે. તે આદિત્ય ચોપરા નિર્મિત ‘અક્કા’માં પણ ભૂમિકા ભજવી રહી છે.

અલબત્ત તે એક વેબસિરિઝ છે પણ આદિત્ય ચોપરાની નજર તેની પર પડી એ જ મહત્ત્વનું કહેવાય.

સામાન્યપણે પંજાબી અભિનેત્રી જ તેમની નજરમાં હોય છે પણ આ વખતે કીર્તિનો વારો કાઢયો છે. સાઉથની ઘણી હીરોઈનો અત્યારે હિન્દી ફિલ્મો તરફ કૂચ કરી રહી છે તો કીર્તિ સુરેશ તેમાં કયા સ્થાને રહેશે તેનો ઈંતેજાર છે.